Education Department
Government of Gujarat

Promotion of Research and Facilities Scheme of Education Department State of Gujarat Knowledge Consortium of Gujarat (KCG),
સંયુક્ત રીતે પ્રાયોજિત

# "વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિમાં સંસ્કૃત વાઙ્મયનો ફાળો"
## રાજ્ય સ્તરનો સેમિનાર

**૨૪મી જાન્યુઆરી, ૨૦૨૬**
**સ્થળ : કૉલેજ ઑડિટોરિયમ**



:: આયોજક ::
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન
શ્રી સુરત જિલ્લા સહકારી સ્પિનિંગ મિલ વિદ્યાસંકુલ
શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ કેળવણી મંડળ, ઓલપાડ સંચાલિત
શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને
શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ
હાથીસા રોડ, મુ.પો. ઓલપાડ, જિ. સુરત, ગુજરાત-૩૯૪૫૪૦

ફોન: (O) 02621 222203
ઈમેલ: olpadcollege@yahoo.co.in
વેબસાઇટ: http://www.olpadcollege.edu.in

## કૉલેજ વિશે:

શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કૉલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કૉલેજ, ઓલપાડ - જેને લોકપ્રિય રીતે આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ઓલપાડ તરીકે ઓળખવામાં આવે છે. તેનું સંચાલન શ્રી પી. કે. દેસાઈ કેળવણી મંડળ, ઓલપાડ દ્વારા થાય છે. કોલેજની સ્થાપના વર્ષ ૧૯૯૧માં માત્ર ૧૫૦ વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી હતી. મૂળરૂપે, કોલેજનું સંચાલન આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ દ્વારા કરવામાં આવતું હતું. જે ઓલપાડ તાલુકામાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવા માટે અને વિવિધ ગામોમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સ્થાપવામાં અગ્રેસર વિશ્વાસપાત્ર સંસ્થા છે.
ઓલપાડ અરબી સમુદ્રના ખારા પટ્ટા પર, સુરત શહેરના દક્ષિણ છેડે ૨૦ કિ.મી.ના અંતરે આવેલું છે. ઓલપાડ તાલુકામાં કુલ ૧૧૨ ગામોનો સમાવેશ થાય છે જેમાંથી બહોળો વર્ગ કૃષિ પર નિર્ભર છે અને અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સા.શૈ.પછાત, આર્થિક રીતે નબળા તેમજ અલ્પસંખ્યક વર્ગોનો સમાવેશ થાય છે.
સુરત મહાનગરપાલિકાની ૨૦૨૦ની પ્રસ્તાવિત વિસ્તરણ યોજનામાં ઓલપાડ તાલુકાને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સામેલ કરવામાં આવ્યો છે. તેથી, કોલેજને વિકાસ માટે વિશાળ તકો સાથે વધુ મોટી જવાબદારી પણ સોંપાઈ છે.

## સેમિનાર વિશે :

વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ નો મૂળમંત્ર એટલે સંસ્કૃત વાઙ્મય, આંતરિક શાંતિ, વ્યક્તિગત મનની શાંતિ, સમસ્ત જીવો પ્રત્યેના સદ્ભાવ, સૌ સાથેના સૌહાર્દપૂર્ણ વ્યવહારથી નીપજે છે. પરસ્પર સમ્માન, વિભિન્ન ધર્મો પ્રત્યે આદરભાવ અને સહિષ્ણુતા થકી નિર્વૈરત્વ, અભયત્વ, અહિંસા પ્રગટવાથી સ્વ અને પરના સીમાડા દૂર થતા વસુધૈવ કુટુંબકમ્ ની સદ્ભાવના જાગૃત થાય. અંતે સ્વને, સમાજને તેથી રાષ્ટ્ર અને વિશેષતઃ સમગ્ર વિશ્વને શાંતિ અને કલ્યાણ સાથે સમૃદ્ધિની પ્રાપ્તિ થાય. શાંતિ જ સમૃદ્ધિની ધાત્રી છે. શાંતિ અને સમૃદ્ધિની ઇમારતના નિર્માણમાં ભારતીય સનાતન ધર્મ, સનાતન સંસ્કૃતિ, સંસ્કાર અને તેનું સિંચન તથા સંવર્ધન કરનારી સંસ્કૃત ભાષા, તેનું સમસ્ત વાઙ્મય છે. વિશ્વના કલ્યાણ માટે, બૌદ્ધિક, આધ્યાત્મિક સમૃદ્ધિ અને શાંતિ માટે સંસ્કૃત ભાષા અને તેના જ્ઞાનના ભંડાર રૂપ વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિગ્રંથો, રામાયણ મહાભારત, ગીતા, દર્શનગ્રંથો, કાલિદાસ અને ભવભૂતિ જેવા અનેક સર્જકો, ચિંતકો દ્વારા રચાયેલ સાહિત્ય એ ભારતની સાંસ્કૃતિક વિરાસત છે, જેનો નિતાંત અભ્યાસ આવશ્યક છે.
બૌદ્ધિક, સામાજિક, આત્મિક સમૃદ્ધિના અક્ષયપાત્ર એવા આપણા ગ્રંથો જ્ઞાન, વિજ્ઞાન, દર્શન, ગણિત, ખગોળ, ચિકિત્સા જેવા અનેકવિધ વિષયો પર ગહન, મનનીય અધ્યયન અને સ્વાનુભવના શિલાલેખ છે.
આ જ્ઞાનરાશિના અધ્યયનથી સંસ્કૃત ભાષા/સાહિત્ય પ્રત્યે અભિરૂચિ કેળવાશે તેમજ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર વધશે. સંસ્કાર સિંચનની જાગરૂકતા થકી અનેક દુષ્ટ પરિબળો સામે ટકી રહેવાનો આત્મવિશ્વાસ આવશે. ભારતીય સંસ્કૃતિનું જતન, સંવર્ધન થશે.
આજે ભારત વિશ્વ ગુરુની દિશામાં અગ્રેસર બન્યું છે. આ માટે આપણી પેઢી આપણી સંસ્કૃતિ અને આપણી ભાષાથી પરિચિત થાય, તેને જીવન વ્યવહારનું અંગ બનાવે તો ઘર આંગણાની શાંતિ અને સમૃદ્ધિ વિશ્વને પણ શાંતિ અને સમૃદ્ધિ પ્રત્યે દોરી જશે.

## સેમિનારના હેતુઓ :

- સંસ્કૃત જ્ઞાન પરંપરાનો પરિચય અને પ્રસાર
- શાંતિ અને સદ્ભાવનાના સંદેશને ઉજાગર કરવો
- માનવ મૂલ્યો અને નીતિશાસ્ત્ર પર ભાર
- આર્થિક સમૃદ્ધિ અને ટકાઉ વિકાસમાં યોગદાન
- સંસ્કૃત શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન
- આ સેમિનારનો અંતિમ હેતુ સંસ્કૃત વાઙ્મયને માત્ર એક પ્રાચીન ભાષા કે ધાર્મિક વિષય તરીકે નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે માનવતા, શાંતિ અને પ્રગતિ માટેનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે સ્થાપિત કરવાનો છે.

## સેમિનારના વિષયો :

- વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિમાં વૈદિક ગ્રંથોનો ફાળો
- વૈશ્વિક કલ્યાણમાં ગીતા/ઉપનિષદો/મહાભારત રામાયણ ઉત્તમ પાથેય
- કાલિદાસ/ભવભૂતિ/ભાસ વગેરેના સાહિત્યમાં વૈશ્વિક કલ્યાણ
- યુદ્ધનીતિ અને શાંતિ વિશે ગીતા/રામાયણ/મહાભારતની ભૂમિકા
- વૈશ્વિક શાંતિના દૂત સમા પુરાણો/સ્મૃતિગ્રંથો
- પર્યાવરણ, વિવિધ દર્શનો તથા વિવિધ વિજ્ઞાન
- નૈતિક મૂલ્યો અને વૈશ્વિક શાંતિ
- આત્મિક શાંતિ માટે ધ્યાનયોગ
- ઉપનિષદોના શાંતિમંત્રોમાં વિશ્વ શાંતિ
- યજુર્વેદમાં વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ
- ચાણક્ય નીતિમાં શાંતિ અને સમૃદ્ધિ

## કાર્યક્રમની રૂપરેખા :

સવારે ૯:૦૦ થી ૧૦:૦૦ : રજિસ્ટ્રેશન અને અલ્પાહાર
૧૦:૦૦ થી ૧૦:૪૫ : ઉદ્ઘાટન બેઠક
૧૦:૪૫ થી ૧૧:૪૫ : બીજરૂપ વ્યાખ્યાન
૧૧:૪૫ થી ૧૨:૪૫ : વિદ્વાન વક્તા
૧૨:૪૫ થી ૦૨:૦૦ : ભોજનવિરામ
૦૨:૦૦ થી ૦૩:૪૫ : ટેકનિકલ સેશન
૦૩:૪૫ થી ૦૪:૦૦ : ચા વિરામ
૦૪:૦૦ થી ૦૪:૩૦ : આભારદર્શન
૦૪:૩૦ થી ૦૫:૦૦ : પ્રમાણપત્ર વિતરણ

## નોંધણી (રજિસ્ટ્રેશન)ની વિગતો :

- સેમિનારમાં નોંધણી (રજિસ્ટ્રેશન) માત્ર ઓનલાઈન માધ્યમ દ્વારા જ ઉપલબ્ધ છે.
- ભાગ લેનાર વ્યક્તિઓ પેપર પ્રસ્તુતકર્તા (Paper Presenters) તરીકે અથવા માત્ર સહભાગી (Participants) તરીકે નોંધણી કરાવી શકે છે (નોંધણી ફોર્મમાં વિકલ્પો આપવામાં આવ્યા છે).
- સહ-લેખકો (Co-authors) એ પણ અલગ નોંધણી ફોર્મ ભરવું અને લાગુ પડતી નોંધણી ફી ચૂકવવી ફરજિયાત છે.

નોંધણી ફીની વિગતો નીચે મુજબ આપવામાં આવેલી છે :

| સહભાગીનો પ્રકાર | પ્રકાશન વિના | પ્રકાશન સાથે |
|---|---|---|
| શિક્ષકો, અધ્યાપકો, શિક્ષણવિદો અને અન્ય | રૂ. ૧૫૦/- | રૂ. ૬૫૦/- |
| સંશોધકો | રૂ. ૧૦૦/- | રૂ. ૬૦૦/- |
| વિદ્યાર્થીઓ | રૂ. ૫૦/- | રૂ. ૫૫૦/- |

## નોંધણી ફીની ચુકવણી અને સમયમર્યાદા :

- નોંધણી ફી કોલેજના બેંક ખાતામાં UPI અથવા નેટ બેન્કિંગ દ્વારાઓનલાઈન ચૂકવવાની રહેશે.
- સહભાગીઓએ ચૂકવણીના વ્યવહાર (Payment Transaction)નો સ્ક્રીનશોટ ગૂગલ નોંધણી ફોર્મમાં અપલોડ કરવો જરૂરી છે.
- તમામ સહભાગીઓએ ૧૪/૦૧/૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં ગૂગલ ફોર્મ ભરવાનું પૂર્ણ કરવું આવશ્યક છે.

નોંધણીની લિંક નીચે આપવામાં આવી છે :

https://forms.gle/b3oTtMGA9KXyKazP8

For Payment

For Registration

અગત્યની નોંધ :

- સ્થળ પર નોંધણી માટે વધારાની રૂ. ૧૦૦/- ફી લેવામાં આવશે.

## બેંકખાતાની વિગત :

એકાઉન્ટ ધારકનું નામ : Arts and Commerce College Olpad
એકાઉન્ટ નંબર : 02750100003063
IFSC : BARBOOLPADX (Fifth character is zero)
બેંક અને શાખા : Bank of Baroda, Olpad Branch
UPI ID: arts98793t@barodampay

## પેપરની સમીક્ષા અને પ્રકાશન :

- સબમિટ કરવામાં આવેલા તમામ પેપર્સની તપાસ સમિતિ (Scrutiny Committee) દ્વારા પસંદગી કરવામાં આવશે.
- પસંદ કરાયેલા પેપર્સનું ખાસ ISBN પુસ્તકમાં પ્રકાશન કરવામાં આવશે.

## હાર્ડ કોપી સબમિશનની આવશ્યકતા :

- તમામ પેપર પ્રસ્તુતકર્તાઓએ સેમિનારના દિવસે નોંધણી કાઉન્ટર પર પોતાના પેપરની બે (૦૨) હાર્ડ કોપી જમા કરાવવી ફરજિયાત છે.

## સેમિનાર કાર્યવાહી :

- સેમિનાર પછી, ગુણવત્તાવાળા પેપર્સને ISBN સેમિનારની કાર્યવાહી (Proceedings)માં પ્રકાશન માટે ધ્યાનમાં લેવામાં આવશે.
- આ અંગેની વધુ વિગતો યોગદાનકર્તાઓને સમયસર જાણ કરવામાં આવશે.

## પેપર્સ માટેનું આમંત્રણ :

- સેમિનારના મુખ્ય વિષય અને ઉપ-વિષયોને સુસંગત મૌલિક અને અપ્રકાશિત વિષયવસ્તુ આધારિત તેમજ સંશોધન આધારિત (research-based) પેપર્સ પ્રસ્તુતિ માટે આમંત્રિત કરવામાં આવે છે.
- સબમિટ કરેલા પેપર્સ સાહિત્યિક ચોરી (plagiarism) મુક્ત હોવા જોઈએ.
- સહભાગીઓએ તેમના પેપર્સ વર્ડ (Word) અને પીડીએફ (PDF)એમ બંને સ્વરૂપોમાં સબમિટ કરવાના રહેશે, જેના નામ આ રીતે રાખવાના છે: Name_Word / Name_PDF.
- પેપર્સ ઈમેઇલ દ્વારા આ સરનામે મોકલવાના છે:olpadcollege@yahoo.co.in
- પેપર્સ સબમિશનની અંતિમ તારીખ : ૧૪/૦૧/૨૦૨૬

સહભાગીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ નીચે આપેલી પેપર સબમિશન માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરે.

| વિગત | આવશ્યકતા |
|---|---|
| સારાંશ | ૧૦૦-૧૫૦ શબ્દો |
| સંપૂર્ણ પેપર ( સારાંશ અને નિષ્કર્ષ સહિત) | ૧૩૦૦-૧૫૦૦ શબ્દો |
| નિષ્કર્ષ | ૫૦-૧૦૦ શબ્દો |
| ફોર્મેટ | A4 સાઇઝ, 1 ઈંચ માર્જિન, જસ્ટિફાઈડ, 1.5 લાઇન સ્પેસિંગ |
| ફોન્ટ્સ | Mangal Regular Unicode Sanskrit Fonts |
| ફૉન્ટ સાઇઝ | ૧૨ પોઇંટ્સ |
| File Type | Word Document |

### :: સેમિનાર સમિતિના સભ્યો ::

:: પ્રેરક ::

શ્રી દિલિપ રાણા ( IAS )
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ
અને CEO, KCG અમદાવાદ

ડૉ. યોગેશ યાદવ
જોઇન્ટ CEO (એક્સ્ટેન્શન),
KCG, અમદાવાદ

શ્રી બળવતભાઈ આર. પટેલ
પ્રમુખશ્રી,
શ્રી પી. કે. દેસાઇ કેળવણી મંડળ, ઓલપાડ

ડૉ. સંજયકુમાર પી. લાલાણી
આચાર્યશ્રી,
શ્રી સુ.જિ.સ. બેંક કોમર્સ કોલેજ અને
શ્રી સા.સ.ખાં.ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ

### :: સેમિનાર વ્યવસ્થાપન સમિતિ ::

:: સેમિનારના સંયોજક ::

ડૉ. સુરવીરસિંહ આઇ. ઠાકોર
એસોસિયેટ પ્રોફેસર
શ્રી સુ. જિ. સ. બેંક કોમર્સ કૉલેજ અને
શ્રી સા. સ. ખાં. ઉ. આર્ટ્સકૉલેજ, ઓલપાડ

:: સેમિનારના સહ-સંયોજક ::

પ્રા. રોહિતકુમાર બી. ઢીમ્મર
એસોસિયેટ પ્રોફેસર
શ્રી સુ. જિ. સ. બેંક કોમર્સ કૉલેજ અને
શ્રી સા. સ. ખાં. ઉ. આર્ટ્સકૉલેજ, ઓલપાડ

:: સમિતિના સભ્યો ::

ડૉ. ગીતાબેન આર. ગરાસિયા, એસોસિયેટ પ્રોફેસર (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)
મો. નં. ૯૮૭૯૭૫૪૯૦૧
ડૉ. રમેશભાઈ એસ. માછી, એસોસિયેટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)
મો. નં. ૯૮૭૯૨૫૩૭૬૬
ડૉ. દિવ્યાનીબેન એલ. પટેલ, અધ્યાપક સહાયક (અર્થશાસ્ત્ર વિભાગ)
મો. નં. ૯૯૭૪૨૯૩૨૨૧
ડૉ. પ્રવિણકુમાર વી. ચૌધરી, અધ્યાપક સહાયક (ઇતિહાસ વિભાગ)
મો. નં. ૯૭૩૭૬૭૪૦૨૭
ડૉ. રચનાબેન આઇ. પટેલ, અધ્યાપક સહાયક (ગુજરાતી વિભાગ)
મો. નં. ૮૭૫૮૦૦૪૭૭૫
ડૉ. અમિતકુમાર પી. પટેલ, અધ્યાપક સહાયક (કોમર્સ વિભાગ)
મો. નં. ૯૭૨૫૨૬૦૭૨૮

:: નિમંત્રક::

ડૉ. સંજયકુમાર પી. લાલાણી
આચાર્યશ્રી,
શ્રી સુ.જિ.સ. બેંક કોમર્સ કોલેજ અને
શ્રી સા.સ.ખાં.ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ

ડૉ. યોગેશ યાદવ
જોઇન્ટ CEO (એક્સ્ટેન્શન),
KCG, અમદાવાદ